Research Guru
Online Journal of Multidisciplinary Subjects (ISSN : 2349-266X)
Volume-13, Issue-1, June 2019
Impact Factor: 4.081 www.researchguru.net

# મહિલા સશક્તિકરણ અને શહેરી સ્થાનિક શાસન

[1]અતુલભાઈ કાનજીભાઈ ધ્રુવ, [2]ડૉ. પ્રદ્યુમાનસિંહ વાઘેલા, [3]ડૉ. ભાનુ એમ. પરમાર
[1]સંશોધક, અનુસ્નાતક રાજ્યનીતિશાસ્ત્ર વિભાગ, સી. યુ. શાહ યુનિવર્સિટી, વઢવાણ
[2]આર્ટસ અને એજ્યુકેશન વિભાગ, સી. યુ. શાહ યુનિવર્સિટી, વઢવાણ
[3]પોલિટીકલ સાયન્સ વિભાગ, નલિની-અરવિંદ અને ટી. વી. પટેલ આર્ટસ કોલેજ, વલ્લભ વિદ્યાનગર

**એબસ્ટ્રેક્ટ (Abstract):**

મહિલા સશક્તિકરણ એ સ્ત્રીઓના આત્મસાતને ઉત્કર્ષ માટે અતિ આવશ્યક છે. કારણ કે આધુનિક પુરુષ પ્રધાન સમાજમાં સામાજિક, આથિક, રાજકીય કે સાંસ્કૃતિક ક્ષેત્રોમાં સ્ત્રીઓની ભાગીદારનું પ્રમાણ ખૂબ જ ઓછું છે. એટલે આ બધા ક્ષેત્રોથી મોટા પ્રમાણમા મહિલાઓ વચિત રહી છે. એટલે આ બધા ક્ષેત્રોમાં નિર્ણય પ્રકિયા સહભાગિતા અને સકિયતા દ્વારા સ્વયંના વિકાસ માટે મહિલા સશક્તિકરણની આવશ્યકતા રહે છે.

આપણી રાજયવ્યવસ્થા, જીવનવ્યવહાર તથા શિક્ષણ વ્યવહારમાં કેટલાક નકારાત્મક વિચારો અને વ્યવહારોએ પ્રવેશ કર્યો છે. જેથી સ્ત્રી સન્માન અને સ્ત્રીઓના દરજ્જાને લૂણો લાગ્યો છે. મહિલાઓ પાછળ રહે તો દેશ આગળ નહી વધી શકે.

પ્રસ્તુત સંશોધનપત્ર સંશોધકના મહાશોધનિબંધના એક ભાગ રૂપે હોય, તેમાં મહિલા સશકિતકરણ વિભાવના, બંધારણમાં સ્ત્રીઓ અંગેની જોગવાઈઓ, મહિલા સશકિતકરણની આવશ્યકતા, મહિલા સશકિતકરણનું મહત્વ, સ્ત્રીઓનો વિવિધ ક્ષેત્રે ફાળો, ૭૪મો બંધારણીય સુધારો વગેરેની સુપેરે ચર્ચા કરી છે.

**મુખ્ય શબ્દો (Keywords):** મહિલા સશકિતકરણ, બંધારણમાં સ્ત્રીઓ અંગેની જોગવાઈઓ, ૭૪મો બંધારણીય સુધારો

**પ્રસ્તાવના:**

વર્તમાન સમયમાં સ્થાનિક કક્ષાથી લઈને વૈશ્વિક સ્તરે મહિલા સશક્તિકરણની વાતો ચાલી રહી છે. ૨૧મી સદીની શરૂઆત જ આપણે મહિલા સશક્તિકરણનાં બુલંદ નારાથી કરી છે. વિશ્વની કુલ વસ્તીમાં અડધો-અડધ વસ્તી મહિલાઓની છે. માનવ વ્યવહારમાં મહિલાઓનું એક આગવું સ્થાન છે, મહિલાઓને આપણે મહિલા કહીએ છીએમહિલા . શબ્દ પોતે જ મહાનતા સૂચવનારો છે. સદીઓથી સમગ્ર વિશ્વમાં મહિલાઓના સ્થાન અંગે વિચાર-વિમર્શ થતા રહ્યા છે. વર્તમાન સમયમાં મહિલાઓને સ્પર્શતો એક સૈદ્ધાંતિક ખ્યાલ ઊભો થયો છે ,જે આધુનિક પરિભાષામાં (feminism) 'નારીવાદ' તરીકે જાણીતો થયો છે. વૈદિક યુગમાં આપને ત્યાં મહિલાઓનું સ્થાન ઊંચું હતુંઆ . સમયે મહિલાઓને પુરુષોની પ્રતિકૃતિ ગણવામાં આવતી. વૈદિક સમયમાં શરૂઆતમાં તેમનું સ્થાન ઊંચું હતું. પરંતુ સમય જતા કેટલીક સમસ્યા ઊભી થતા મહિલાઓનો દરજ્જો નીચો ગયો, ૨૧મી સદીના પ્રથમ દાયકામાં પણ મહિલાઓની હાલતમાં સુધારો થયો નથી. પરંતુ એ વાત સત્ય છે કે આજે વિશ્વના લગભગ બધા દેશોમાં

મહિલાઓ માટે તેમજ તેમના હિત માટે અનુકૂળ વાતવરણ ઊભું થઇ રહ્યું છે. પરિણામે ૨૧મી સદીને મહિલાઓની સદી કહેવામાં આવે છે.

**મહિલા સશક્તિકરણ એટલે શું ?**

મહિલા સશક્તિકરણમાં શકિત મહત્વની ગણી શકાય. જેમાં બળ, પ્રભાવ અભિપ્રેત છે. સશક્તિકરણ એટલે વંચિતતાનો અભાવ તથા વિવિધ ક્ષેત્રોમાં સ્થાન, નિણર્ય પ્રકિયામાં ભાગીદારી તથા નીતિ ધડતરમાં સમાજની સ્વતંત્રતા દ્વારા વધુ સકિય અને સશક્ત થવા માટેની પ્રકિયા છે.

મહિલા સશક્તિકરણ એક પ્રકિયા છે. સ્ત્રી અને પુરુષ સમાન શકિત, સમાજ સ્વતંત્રતા અને સમાજનું સરખું યોગદાન, સરખી વિચારસરણી સાથે તેને સંબંધ. આ બધું જ કરવું હોય તો મહિલાઓએ શારીરિક, માનસિક અને આથિક રીતે સશક્ત થવું પડે. સત્તા મેળવવી પડે તે અનિવાર્ય છે. "શકિતશાળી બનવું " નો પ્રચલિત શબ્દ સશક્તિકરણમાં સમાયેલો છે.

**મહિલા સશક્તિકરણની વિભાવના:**

મહિલા સશક્તિકરણ એટલે મહિલાનું વધુ શકિતશાળી બનવું. સ્ત્રીઓ કુંટુંબ અને સમાજમાં પુરુષ સમોવી બની આત્મનિર્ભર બને તેવા પ્રયાસો થાય છે. સામાજિક ચળવળો દ્વારા મહિલાઓને સંગઠિત વિકાસ માટેના અવરોધો દુર થાય છે. આમ, મહિલા સશક્તિકરણ એ સતત ચાલતી પ્રકિયા છે.

એડમ્સના જણાવ્યા પ્રમાણે સશક્તિકરણ એટલે વ્યકિત જૂથ સમુદાય કે ચોક્કસ સમૂહ દ્વારા પ્રત્યેક સંજોગો ઉપર અંકુશ ધારણ કરી અને ઈચ્છિત લક્ષ્ય હાંસલ કરવાની સ્થિતિએ સશક્તિકરણ કહી શકાય. આ અર્થમાં કોઈ એક સમૂહ કે જૂથ પોતાના આત્મા-સન્માનને ઠેસ પહોંચાડયા વગર પોતાની ક્ષમતાઓ બહાર લાવવા માટે સંપૂર્ણ સ્વનિર્ભર થવાની બાબતને સશક્તિકરણ કહી શકાય. “કોઈ ચોક્કસ સ્થાન કે સમુદાયને રાજનૈતિક પ્રભાવ અને કાયદાકીય માધ્યમથી સત્તા અને અધિકારો પ્રાપ્ત કરવા માટે કરવામાં આવતી સહાયની વ્યવસ્થા એ સશક્તિકરણ છે.” જે.કે. પિલ્લાઈના મતે આ એક બહુપરિમાણીય એવી પ્રકિયા છે. જે સ્ત્રીને પોતાના વ્યક્તિત્વની અનુભૂતિ થાય તેમજ દરેક ક્ષેત્રમાં તેને મળવા પાત્ર સ્થાન મળે તે આવશ્યક ગણાવી શકાય.

સશક્તિકરણ અભિગમ પ્રમાણે સ્ત્રી અને પુરુષોની સમાન સ્થિતિ નથી એટલે આ સ્થિતિ બદલવા અને સમાનતા લાવવા મહિલા સશક્તિકરણ જરૂરી છે.

**બંધારણમાં સ્ત્રીઓ અંગેની જોગવાઈઓ:**

૨૬મી જાન્યુઆરી, ૧૯૫૦ના દિવસે ભારતનું બંધારણ અમલમાં આવ્યું. જેને એક પ્રકારની શાંત કાંતિ કહેવાય. નાના-નાના સમૂહમાં વહેંચાયેલો ભારતીય સમાજ, એક તંતુએ બંધારણ દ્વારા બધાયો. બંધારણનું આમુખ , ભારતીયોને કેટલાંક મહાન અધિકારો અને મૂલ્યોનું વચન આપે છે. જેમાં સ્વતંત્રતા, સમાનતા, સામાજિક, રાજકીય અને આર્થિક ન્યાય નોંધપાત્ર છે. “સામાજિક ન્યાયના ખ્યાલમાં આર્થિક અને સામાજિક રીતે પછાત વર્ગોના ઉત્કર્ષ અને કલ્યાણની વાત મુખ્ય હાર્દ સમાન છે.” ભારતીય બંધારણમાં મહિલાઓને વિશેષ રીતે સ્પર્શતી કેટલીક નોંધપાત્ર જોગવાઈઓ કરવામાં આવી છે.

આર્ટિકલ ૧૪: હેઠળ રાજ્યે પુરુષ તથા સ્ત્રીઓને કાયદા સમક્ષ સમાનતાનો અધિકાર આપવામાં આવ્યો છે.

આર્ટિકલ ૧૫: હેઠળ રાજ્યે સ્ત્રી - પુરુષની વચ્ચે માત્ર તેમના વર્ગના આધારે ભેદભાવયુક્ત વ્યવહાર કરવા સામે પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે.

આર્ટિકલ ૧૬: હેઠળ રાજ્ય દ્વારા પૂરી પાડવામાં આવતી રોજગારીની તકોમાં સ્ત્રીઓ તથા પુરુષોને સમાનતાનો અધિકાર, આ અધિકાર અન્વયે સ્ત્રીઓને સમાન કામ માટે સમાન વેતન મેળવવાનો હક્ક પણ બંધારણ દ્વારા સ્વીકારવામાં આવ્યો છે.

બંધારણ માત્ર સમાનતાનો અધિકાર જ નથી આપતું, પણ એથી પણ બે ડગલાં વિશેષ આગળ જઈને,

આર્ટિકલ 15 (૩): રાજ્યને કાયદા દ્વારા સ્ત્રીઓ માટે લાભ કર્તા વિશિષ્ટ જોગવાઈ કરવાનો અધિકાર પણ આપે છે.

આ સિવાય સ્ત્રીઓને લગતા ૬ સીધા અને ૪૩, આડકતરા કાયદાઓ આપણા દેશમાં છે. પણ યોગ્ય અમલ નથી થતો.

આર્ટિકલ ૩૯: રાજ્યે તેના તમામ નાગરિકોને જીવન નિર્વાહ પૂરતી તકો મળી રહે તે માટે સ્ત્રી અને પુરુષને સમાન કામ માટે સમાન વેતન મળે તે માટે સ્ત્રી તથા પુરુષ કામદારોના સ્વાસ્થ્યને હાનિ ન પહોંચે તથા નાગરિકોને આર્થિક જરૂરીયાતો પહોંચી વળવા માટે તેમની ઉંમર અથવા શકિતના પ્રમાણમાં અનુરૂપ ન હોય તેવા વ્યવસાય સ્વીકારવા ન પડે, તે જોવા પ્રયત્ન કરવો.

આર્ટિકલ ૪૨: રાજ્યના કામદારો માટે કામની સુયોગ્ય અને માનવીય પરિસ્થિતિનું નિર્માણ થાય અને માતૃત્વના સમયગાળા દરમ્યાન સ્ત્રી કામદારોને રાહત મળે તે અંગે જોગવાઈ કરવી.

આ તમામ જોગવાઈઓનો મુખ્ય હેતુ સ્ત્રીઓને શોષણમાંથી મુકિત આપવી સમાજમાં તેમને સુયોગ્ય દરજ્જો અપાવવાનો છે. બંધારણ દ્વારા રાજ્યને સ્ત્રીઓ માટે લાભકર્તા વિશેષ કાયદાઓ ઘડવાની જે સત્તા આપવામાં આવી છે તે અન્વયે રાજ્યે સ્ત્રીઓને કારખાનામાં કાયદા અન્વયે રાત્રિના સમયે કામ ઉપર બોલાવવા ઉપર પ્રતિબંધ મૂકવો, જોખમી, પ્રકિયાવાળા કામો ઉપર પ્રતિબંધ મૂકવો, માતૃત્વ દરમિયાન રજાના હક્ક સહિત વળતર મેળવવાનો લાભ વગેરેનો સમાવેશ કરી શકાય.

**મહિલા સશકિતકરણની આવશ્યકતા**:

(૧) ભારતમાં નારી શકિતને બિરદાવી શકાય તેવાં અનેક ઉદાહરણો જોવા મળે છે. મહિલાઓ સામાજિક, રાજકીય અને સાંસ્કૃતિક વગેરે ક્ષેત્રોમાં પોતાનું યોગદાન આપી શકે તે માટે મહિલા સશકિતકરણ આવશ્યકતા છે.

(૨) જે દેશમાં મહિલા સુખી છે. તે દેશની પ્રજા સુખી અને સમૃદ્ધ છે. તેથી સમૃદ્ધિનો વેગ આપવા માટે સશકિતકરણ આવશ્યક બનશે.

(૩) મહિલાઓને નડતરરૂપ પ્રશ્નો અંગે તથા અન્ય નીતિ ઘડતર અને તેના અમલમાં જો મહિલા ભાગીદારી નોંધાવે તો તે ઘડાયેલી નીતિ તથા જેમને લગતા નિર્ણય થયા છે તેને અસરકારક રીતે લાગુ કરી શકાય. તેથી મહિલા સશકિતકરણની આવશ્યકતા છે.

(૪) મહિલાઓમાં પણ એક એવી માનસિકતા ઘર કરી ગયેલ છે કે પોતે અબળા છે અને પુરૂષ જેટલી શકિતશાળી નથી. તેથી તે અમુક પ્રકારના કાર્યો ન કરી શકે. આ માનસિકતામાંથી મહિલાઓને બહાર લાવવા માટે પણ મહિલા સશકિતકરણની ખૂબ જ આવશ્યકતા છે.

આમ, મહિલા સશકિતકરણ દ્વારા મહિલાઓને આત્મનિર્ભર અને આત્મવિશ્વાસુ બનાવવામાં આવે છે. સમાજમાં મહિલાઓને સ્થાન, માન અને મોભો જળવાય રહે તેવા પ્રયાસો હાથ ધરવામાં આવે છે.

**મહિલા સશકિતકરણનું મહત્વ:**

(૧) ભારત વર્ષમાં પ્રાચીન કાળથી સ્ત્રીઓના સન્માનની ભાવના અગ્રસ્થાને રહી છે. પ્રજા વિકાસના પાયાના ગુણો, નિર્ભયતા, સત્ય-નિષ્ઠા, પ્રમાણિકતા આદી ગુણોની જાગૃતિ લાવવા માટે મહિલા સશકિતકરણ આવશ્યક ગણાવી શકાય.

(૨) મહિલાઓની સકિયતા સમસ્યાઓને સમજવામાં અને સમાધાન સાધવામાં ઉપકારક સાબિત થશે .

(૩) મહિલાઓના યોગદાનથી વિકાસને ગતિ મળશે તો આખરે તો માનવ સમુદાયનો જ વિકાસ થશે.

(૪) મહિલા સશક્તિકરણના માધ્યમથી મહિલા પુરુષ સમોવડી બની શકશે .

(૫) શિક્ષણ મેળવેલી મહિલા સામાજિક રૂઢિઓ જેવી કે બાળ લગ્ન, કન્યા વિકય, પ્રૌઢ લગ્ન, ભૂવા, ભૂત તેમજ સ્ત્રીભૂણ હત્યા જેવી બાબતોને વશ ન થતાં સમાજ સુધારાને સારો વેગ આપી શકશે.

(૬) રાજ્ય સરકાર દ્વારા અલાયદા મહિલા અને બાળ વિકાસ વિભાગની પણ રચના કરવામાં આવી છે. મહિલા સશક્તિકરણ દ્વારા રોજગારલક્ષી, વ્યાપારલક્ષી અને ગૃહ ઉદ્યોગલક્ષી તાલીમ સાથે આર્થિક સહાય પૂરી પાડવામાં મહિલા આથિક વિકાસ નિગમની સ્થાપના કરવામાં આવી છે. મહિલા સશક્તિકરણ એ સ્ત્રી વિકાસની નવી દિશા પૂરી પાડે છે.

**સ્ત્રીઓનો વિવિધ ક્ષેત્રે ફાળો:**

(૧) કુંટુંબના વિકાસમાં સ્ત્રીઓનો ફાળો (૨) આર્થિક વિકાસમાં ફાળો (૩) શૈક્ષણિક ક્ષેત્રે ફાળો (૪) આરોગ્ય ક્ષેત્રે ફાળો (૫) રાજકીય ક્ષેત્રે ફાળો (૬) વહીવટી તંત્રના વિકાસમાં ફાળો (૭) નારી વિકાસમાં ફાળો (8) રમત-ગમત ક્ષેત્રે ફાળો (૯) વસ્તી નિયંત્રણમાં ફાળો

આમ,બંધારણમાં સ્ત્રીઓને ઉચિત સ્થાન આપી બંધારણના ઘડવૈયાઓએ ખરેખર તો સ્ત્રીઓને વિશેષ દરજ્જો આપ્યો છે.

**ગુજરાતમાં મહિલા સશક્તિકરણ અને રાજકીય સહભાગીતા:**

સ્વતંત્રતા પૂર્વ રાજકીય ક્ષેત્રમાં મહદઅંશે સ્ત્રીઓનું યોગદાન બહુ ઓછા પ્રમાણમાં જોવા મળે છે થોડા સમયથી સશક્તિકરણ શબ્દપ્રયોગ થવા લાગ્યો છે. પરતું પાંચ સાત વર્ષથી વિશેષ રૂપમાં તેનો શબ્દપ્રયોગ થવા લાગ્યો છે. સશક્તિકરણ એ સતત ચાલતી પ્રકિયા છે. જે કેટલાક વિશેષ આંતરિક કુશળતાઓ શૈક્ષણિક, સામાજીક, આથિક, રાજનૈતિક વગેરે પરિસ્થિતિઓ પર આધારિત છે.

સ્વતંત્રતા મળતાની સાથે જ સ્થાનિક શાસનમાં મહિલાઓને પ્રતિનિધિત્વ મળી રહે અને તેમને પણ શાસનમાં તાલીમ મળી રહે એવા હેતુથી તેઓ માટે જોગવાઈ કરવામાં આવી હતી. પરંતુ આ જોગવાઈ અપૂર્ણ જણાતા ગ્રામીણ અને શહેરી સ્થાનિક શાસન માટે બંધારણમાં ૭૩મો અને ૭૪ મો બંધારણીય સુધારો કરવામાં આવ્યો છે. આ બંધારણીય સુધરાઓની જોગવાઈ પ્રમાણે શહેરી અને ગ્રામીણ સ્થાનિક શાસનમાં ૩૩% પ્રતિનિધિત્વ અને સતામાં મહિલાઓની ભાગીદારીની વ્યવસ્થા કરવામાં આવતા સ્થાનીય શાસનના ક્ષેત્રે કાંર્તિકારી પરિવર્તન થયું છે.

રાજ્યસભામાં તથા લોકસભામાં મહિલાઓની ઓછી હાજરી જોવા મળેલી. આમ, છતાં પણ જે મહિલાઓએ રાજકીય સહભાગીતા દ્વારા પોતાની કારકિદીથી ઉચ્ચ સ્થાન સુધી પહોચેલી જોવા મળે છે. રાજ્યસભામાં ઈન્દિરા ગાંધી, મણીબેન પટેલ, મેનકા ગાંધી, સોનિયા ગાંધી, વિજયાલક્ષ્મી પંડિત, સુચેતા કૃપલાણી, સુશીલા નાયર, અમૃત કૌર, રેણુકા વગેરે અનેક મહિલાઓ રાજકીય સક્રિયતા દાખવેલી. આ ઉપરાંત ભારતના પ્રથમ રાષ્ટ્રપતિ તરીકે પ્રતિભા પાટિલ રહી ચૂક્યા છે તે ગૌરવની વાત કહેવાય. બંધારણ દ્વારા પણ સ્ત્રીઓ માટે ખાસ જોગવાઈ કરવામાં આવી છે. સ્ત્રીઓની રાજકીય સભાનતા તેના મતદાન પરથી જાણી શકાય.

**૭૪મો બંધારણીય સુધારો**:

ભારતદેશની પાર્લામેન્ટે શહેરી સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓ અંગે ૭૪મો બંધારણીય સુધારા અધિનિયમ ૧૯૯૨ પસાર કર્યો હતો. આ કાયદો ૧લી જૂન, ૧૯૯૩ થી અમલમાં આવેલ છે. આ સુધારાને ધ્યાનમાં લઈ રાજ્યના મ્યુનિસિપલ કોર્પોરેશન એક્ટમાં તથા નગરપાલિકા અધિનિયમ ૧૯૬૩માં જરૂરી સુધારા ઓગસ્ટ ૧૯૯૩માં ગુજરાત રાજ્યની વિધાનસભાએ કર્યા. ૭૪મા બંધારણીય સુધારાએ નાગરિક સેવાઓ અને વિકાસલક્ષી પ્રવૃતિઓના આયોજનમાં તેમજ તેના અમલ અને દેખરેખમાં લોકોની ભાગીદારી અને સામેલગીરીની જરૂરીયાત ઉપર ભાર મૂકયો. આમ થશે તો જ શહેરી શાસન મજબૂત બની શકશે. તેથી રાજ્ય સરકાર અને કેન્દ્ર સરકારે ૩૩ ટકા મહિલા અનામત માંથી હાલ દરેક શહેરી સ્થાનિક સંસ્થાઓમાં કુલ બેઠકોમાંથી ૫૦ ટકા બેઠકો સ્ત્રીઓ માટે અનામત રહેશે તેવું જાહેર કરેલ છે.

૭૪માં સુધારા મુજબ મ્યુનિસિપાલિટી અને કોર્પોરેશનના સભ્ય સ્થાનો અને મેયરપદોમાં એક તૃતિયાંશ બેઠકો પર સ્ત્રીઓ ચૂંટાય છે. ૭૪માં સુધારા પછી શહેરી વિસ્તારોમાં પણ પરિવતન આવ્યું છે. મુંબઈ, બેંગ્લોર, કોઝીકોઠે, ચંડીગઢ, તિરુનેવલી, દિલ્હી, વારગલ, કાનપુર અને પૂણે જેવાં શહેરોમાં સ્ત્રીઓ મેયરપદનું સ્થાન મેળવેલ છે. તેઓ જુદી-જુદી પાર્શ્વભૂમિમાંથી જુદા-જુદા વ્યવસાયમાંથી આવેલ છે. કોઈને રાજકીય અનુભવ છે તો કોઈને નથી. કોઈ શિક્ષણના ક્ષેત્રમાંથી આવેલ છે તો કોઈ કાયદાના વ્યવસાયમાંથી આવેલ છે. મુંબઈ અને ઉસમાનાબાદ જિલ્લાના સ્ત્રી કોપોરેટરો અંગેનું અધ્યયન જણાવે છે કે આ સ્ત્રીઓ સામે અનેક પ્રશ્નો અને પડકારો છે. શહેરી વિસ્તાર હોય કે ગ્રામ્ય વિસ્તાર હોય મોટાભાગની સ્ત્રીઓ પુરુષ રાજકારણીઓની પ્રોક્સી તરીકે કામ કરે છે. અચાનક આવી પડેલી અનામત પ્રથાને કારણે તેના પ્રત્યે પુરુષોના વિરોધની તેમને દહેશત છે. હવે ખાનગી વિશ્વ અને જાહેર વિશ્વ વચ્ચેની ભેદરેખા ક્ષણ થતી જાય છે. સ્ત્રી-સભ્યો કોમળ છે અને કઠોર પણ છે. તેઓ ઓફિસનું કામ આનંદથી કરે છે. વંચિત વર્ગનું ધ્યાન રાખે છે અને ભ્રષ્ટાચારથી દૂર રહે છે.

સ્થાનિક સ્તર પર સ્ત્રીઓ માટે અનામત સ્થાનો હોવા છતાં તેમનો માર્ગ સરળ નથી. સદીઓના સમાજિક પૂર્વગ્રહો અને અન્ય અવરોધોને ઓળગીને સ્ત્રીઓ માટે રાજકારણમાં અસરકારક બનવું સહેલું નથી. પણ સ્થાનિક સ્તરનો અનુભવ એટલી વાત તો સ્પસ્ટ કરે જ છે કે જ્યારે સ્ત્રીઓને અવસર મળે છે ત્યારે તેમની કામગીરી દર્શાવે છે કે સ્ત્રીઓમાં રાજકીય ક્ષમતા છે. નિણર્ય શકિત છે. વિકાસ કાર્યો અને સમસ્યાઓનો સામનો કરવાની કોઠાસૂઝ ધરાવે છે.

ગુજરાતમાં પણ વિવિધ મહાનગરપાલિકામાં મહિલામેયર સત્તા સંભાળી ચૂકી છે અને પોતાના શહેરોનો અસરકારક વહીવટ પણ કરેલ છે.

| Sr. No. | Name of Corporation on | No. of wards | No. of seats | No. of Seats Reserved | | | | | | women | unreserved |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | SC | | ST | | SEBS | | | |
| | | | | Gen | Women | Gen | Women | Gen | Women | | |
| 1 | અમદાવાદ | 64 | 192 | 14 | 07 | 01 | 00 | 13 | 07 | 50 | 100 |
| 2 | ભાવનગર | 17 | 51 | 02 | 01 | 00 | 00 | 03 | 02 | 14 | 29 |
| 3 | જામનગર | 19 | 57 | 03 | 01 | 00 | 00 | 04 | 02 | 16 | 31 |
| 4 | જૂનાગઢ | 17 | 51 | 02 | 01 | 00 | 00 | 03 | 02 | 14 | 29 |
| 5 | રાજકોટ | 23 | 69 | 03 | 01 | 00 | 00 | 05 | 02 | 20 | 38 |
| 6 | સુરત | 38 | 114 | 03 | 01 | 03 | 01 | 07 | 04 | 32 | 63 |
| 7 | વડોદરા | 25 | 75 | 03 | 02 | 02 | 01 | 05 | 04 | 20 | 40 |
| 8 | ગાંધીનગર | 11 | 33 | 03 | 02 | 02 | 00 | 02 | 01 | 08 | 15 |
| | કુલ | 214 | 642 | 33 | 16 | 08 | 02 | 42 | 22 | 174 | 345 |

**ગુજરાતની મહાનગરપાલિકામાં નગરસેવિકાઓની બેઠકવાર સૂચિ**

**ઉપસંહાર:**

૭૩મો અને ૭૪મો બંધારણી સુધારાની જોગવાઈના લીધે મહિલાની ભાગીદારીમાં વધારો થયેલો જોવા મળે છે અને સ્થાનિક શાસનના ક્ષેત્રે કાંતિકારી પરિવર્તન થયું છે. સ્ત્રીઓ વ્યકિતગત અને સામૂહિક રીતે પોતાના પ્રશ્નો ઉકેલવા માટે સ્થાનિક સરકારો સમક્ષ રજૂઆત કરતી થઈ છે. તેઓ આ બંધારણીય વ્યવસ્થા, રાજ્યની ધારાસભા અને કેન્દ્રની સંસદમાં પણ પ્રયત્નશીલ થઈ છે. જો કે મહિલાઓને ૩૩% માંથી ૫૦% અનામત બેઠકો ફાળવવાથી મહિલાઓ પુરુષોની સમોવડી બની બની છે.

આમ, વૈદિક સમયથી સ્ત્રીઓ સામાજિક, આથિક, રાજકીય ક્ષેત્રે પોતાનું યોગદાન આપી રહી છે. પ્રાચીન સમયથી સ્ત્રીઓ રાજકીય ક્ષેત્ર અગત્યની ભૂમિકા ભજવતી હતી. આઝાદીના સમયથી સ્ત્રીઓ સૌથી વધુ જાહેરજીવનમાં પ્રવેશતી જોવા મળે છે. હવે તો તેઓ મતદાતા તરીકે, ધારાસભ્ય અને સંસદસભ્ય તરીકે પણ જાગૃત બની છે. મહિલાઓ જાહેર પ્રશ્નો માટે વધુ ઉત્સાહી જોવા મળે છે. આજે વૈશ્વિકીકરણના સમયમાં મહિલાઓ પુરુષોની પાછળ રહે તે શક્ય નથી. ૭૪મો બંધારણીય સુધારાએ મહિલાઓમાં સશકિતકરણની અનુભૂતિ પૂરી પાડી છે. તેમનામાં ચેતના જગાડી છે. પરિણામે મહિલાઓ સ્થાનિક સ્તરથી આગળ વધીને રાજ્ય સરકારે અને કેન્દ્ર સરકારના સ્તરે રાજકારણમાં ભાગ લેવા ઉત્સુક બની છે. અને પોતાનું મહત્વનું સ્થાન

જાળવી રાખવા માટે પુષ્કળ મહેનત અને લગનથી ઉત્કૃષ્ટ કામગીરી કરી રહેલ જોવા મળે છે. મહિલાઓમાં સશકિતકરણ દ્વારા પ્રગતિનો નવો જ જુવાળ જોવા મળી રહ્યો છે.

**સંદર્ભગ્રંથો**:


1. શાહ ભાનુમતી, ફરીદા કંપનીવાલા, 'સ્ત્રી સંસ્કૃતિની આધારશીલા, પાર્શ્વ પબ્લિકેશન, પ્રથમ આવૃત્તિ-૨૦૦૨.
2. જોષીપુરા ભાવના કે "મહિલા સશકિતકરણ" સેમિનાર ૧૪/૦૨/૨૦૧૦.સમાજશાસ્ત્ર ભવન, સરદાર પટેલ યુનિવર્સિટી, વલ્લભ વિદ્યાનગર.
3. મકવાણા કિશોર, "મા તું હ્રદયે વસનારી" પાર્શ્વ પબ્લિકેશન, અમદાવાદ, પ્રથમ આવૃત્તિ, ૨૦૦૪.
4. ભારતનું બંધારણ, તૃતીય આવૃત્તિ, સરકારી મુદ્રણાલય, ભાવનગર.
5. જીકાદરા હેમાબેન, યોજના - ભારતીય રાજકારણમાં સ્ત્રીઓનો વિકાસ, ડિસેમ્બર-૨૦૦૯.
6. શાહ રમેશ અને સોની સુરેશચંદ્ર, નગરપાલિકા માર્ગદર્શકા, ઓલ ઇન્ડિયા ઈન્સ્ટિટયૂટ લોકલ સેલ્ફ ગવર્નમેન્ટ, અમદાવાદ, તૃતીય આવૃત્તિ-૨૦૦૬.
7. દેસાઈ નીરા અને ઠકકર ઉષા, ભારતમાં સ્ત્રીઓ અને રાજકારણ: કપરા ચઢાણ, આર. આર. શેઠની કંપની, અમદાવાદ, ઓક્ટોબર-૨૦૦૦.